# આજે તકલીફ સહી લઈશું પણ રાષ્ટ્ર માટે આ નિર્ણય જરૂરી હતો

## રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની ચલણી નોટો બંધ થતા શહેરમાં મંદીનો માહોલ : વેપાર-ધંધા પર અસર હોવા છતાં વડાપ્રધાનના નિર્ણયને સાર્વત્રિક આવકાર

આઝાદીના ૭૩ વર્ષ પછીએ ભારતીય અર્થતંત્રને ભ્રષ્ટાચાર અને કાળુ નાણું ઉધઈની જેમ ખોતરી રહ્યું હતુ. આ ઉધઈ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એકાએક ''સર્જીકલ સ્ટ્રાઈક'' કરતા રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની ચલણી નોટો રાતોરાત રદબાતલ કરી દીધી છે. અચાનક જાહેર કરાયેલા આ નિર્ણયને કારણે ચોતરફ અફરાતફરીનો માહોલ જણાય છે. અને સામાન્ય જનતા આ નિર્ણયને કારણે પ્રભાવિત થઈ છે. મોંઘવારીના કારણે રૂપિયાનું અવમૂલ્યન એટલું થયું હતું કે રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની નોટો દરેક આર્થિક વર્ગના નાગરિક પાસે હોવી એ સામાન્ય બાબત બની જવા પામી હતી. રોજીંદા વ્યવહારોમાં વપરાતી આ ચલણી નોટો એકાએક રદબાતલ થતા ગાંધીનગરના સામાન્ય જનજીવન પર શું અસર પડી છે તે જાણવા 'ગાંધીનગર સમાચારે' સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે. શહેરના નાનામાં નાના વેપારીથી માંડીને મોટા દુકાનદારોને આ ચલણી નોટો બંધ થવાથી શું અસર પડી તે તેમના જ શબ્દોમાં...



''રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની નોટો એકાએક બંધ થવાથી દિવસભર ગ્રાહકોની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે, સૌથી વધુ તકલીફ નાની નાની ખરીદી માટે છુટા નાણાંની પડી રહી છે કેમ કે કોઈપણ વ્યક્તિ જ્યાં સુધી નવી વ્યવસ્થા થાળે ના પડે ત્યાં સુધી છુટા નાણાં છોડવા માંગતી નથી અને હવે કોઈ વેપારી રૂ. ૫૦૦ કે રૂ. ૧૦૦૦ની ચલણી નોટ સ્વીકારતો નથી. આ કારણે આજે અમારે રોજના વેપારમાં ૭૦ થી ૮૦ ટકાનો કાપ જોવા મળ્યો છે જો કે એક્દરે સરકારનું આ પગલુ લાંબા ભવિષ્ય માટે ખુબ જ સારૂ અને આશાસ્પદ છે.''

**- અશોકભાઈ મહેતા, ભદ્ર કિરાણા, સે. ૨૧**



''એકાએક ચલણી નોટો રદ થતા છુટા નાણાની મુશ્કેલી ઉભી થવા પામી છે, અમારી પાસે હતા તેટલા નાણા અમે આપ્યા પરંતુ હવે અમારી પાસે પણ છુટા નાણાની સગવડ ના હોવાથી ગ્રાહકો પાસે છુટા નાણા લાવવાનો આગ્રહ રાખીએ છીએ. જો કે ગ્રાહકો પાસે પણ છુટા નાણાની તકલીફ હોવાથી ખરીદી કરવાનું ટાળી રહ્યાં છે. જેના કારણે આજે વેપાર ખૂબ ઓછો થયો છે. અને સરકારના આદેશ મુજબ રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની નોટો સ્વીકારીએ છીએ. પરંતુ છુટક લેણદેણ માટે ઘણી મુશ્કેલી પડી રહી છે.''

**- ચંદ્રકાન્ત પટેલ, પ્રજ્ઞા ઓટો સેન્ટર (પેટ્રોલપંપ)**



''સરકારે એકાએક રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની ચલણી નોટો બંધ કરવાની જાહેરાત કરી તેના કારણે આજે ઘરાકીમાં ખૂબ મોટો કાપ પડી ગયો છે. જે ગ્રાહક આવે છે તે રદ થયેલી નોટ વટાવવા જ ખરીદી કરતો હોય તેવા ઉદ્દેશથી આવે છે જે અમે સ્વીકારી શકતા નથી. આ કારણે રોજીંદા વેપારમાં ભારે અસર થવા પામી છે. જો કે ભારતીય સરકારનું આ પગલુ અર્થતંત્રમાં કાળુ નાણુ અટકાવવા અને ભ્રષ્ટાચારને રોકવાની દિશામાં ખૂબ જ ઉપયોગી નિવડશે. આ એક સારો નિર્ણય છે.''

**- સુરેશ પટેલ, સત કૈવલ પાર્લર, વાવોલ**



''સરકાર દ્વારા રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની નોટ બંધ કરવાનો નિર્ણય આવકારદાયક છે. આનાથી ચોક્કસ કાળુ નાણુ બહાર આવશે. અત્યારે હાલ નાની નાની ચીજવસ્તુઓ માટે છૂટા રૂપિયાની પડોજણ રહેશે. થોડાક જ સમયમાં આ સમસ્યા હલ થઈ જશે. આજે ધંધા રોજગારમાં નોટો બંધ કરવાને કારણે ધંધા રોજગારમાં ચાલીસ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે.''

**- જ્યોતિન્દ્ર વ્યાસ, પૂજા પાર્લર, સે.૨૧**



''આજે પેસેન્જર્સની અવરજવર ઓછી રહી હતી જેના કારણે વકરો ઓછો થયો છે. અગત્યનું કામ હોય તો જ મુસાફરી કરવાનું હવે દરેકે નક્કી કર્યુ હોય તેવું લાગે છે. આજે ભલે દરેકને થોડી ઘણી તકલીફ પડશે પરંતુ નરેન્દ્ર મોદીએ જે નિર્ણય લીધો છે તે લાંબુ વિચારીને જ લીધો હશે એટલે આ નિર્ણય દેશ માટે હિતકારક સાબિત થશે.''

**- રણછોડભાઈ ઠાકોર, રીક્ષાચાલક**



''રૂ. ૫૦૦ની તેમજ રૂ. ૧૦૦૦ની નોટ અચાનક બંધ કરવામાં આવતા નાણાંકીય વ્યવહારમાં ભારે અરાજકતા સર્જાઈ છે. અત્યારના સમયે રૂ. ૫૦૦ કે ૧૦૦૦ની નોટ સામાન્ય બની ગઈ હતી. દરેક વ્યક્તિ પાસે મોટી નોટ હોય છે ત્યારે આજે વેપાર ૭૦ ટકા જેટલો ઘટવા પામ્યો છે. જ્યારે રોજ ૧૦ થી ૧૨ ટકા ક્રેડીટ કાર્ડ કે ડેબીટ કાર્ડથી રૂપિયા ગ્રાહકો ચુકવતા હોય છે. જેની સામે આજે આ રેશીયો વધીને ૪૦ ટકા જેટલો થવા પામ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આ નિર્ણય આવકારદાયક છે. થોડો સમય છુટા નાણાની તકલીફ રહેશે ત્યારબાદ બધુ રાબેતા મુજબ થઈ જશે.''

**- જયમીન સુખડીયા, રાધે સ્વીટ્સ, સે. ૧૧**



''શાકભાજીના વેપારમાં છુટા નાણાની જરૂર પડતી હોય છે આજે સવારથી જ રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની નોટ લેવાનું બંધ કર્યુ હતુ. જેને પગલે ઘરાકીમાં ફેર પડ્યો છે. પરંતુ ઓળખીતા વેપારી મિત્રો અને આંતરે દિવસે અમારે ત્યાં આવતા ગ્રાહકોને જરૂરીયાત મુજબ શાકભાજી ઉધારમાં આપી છે. જ્યારે અમારી પાસે છુટા રૂપિયા ના હોવાથી ગ્રાહકોને પરત મોકલવા પડે છે.''

**- દિલીપભાઈ મંગાજી, શાકભાજીના વેપારી, સે. ૨૧**



''આજ સવારથી જ ગ્રાહકોની ભીડ ઓછી વર્તાઈ છે. રોજ કરતા વેપારમાં પણ ઘણો ફરક પડ્યો છે. ગ્રાહકને ચીજવસ્તુની ખરીદી બાદ જ્યાં સુધી છુટા રૂપિયા હતા ત્યાં સુધી આપ્યા છે. પરંતુ રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની નોટ લેવાની સવારથી જ બંધ કરી દેવામાં આવી હતી. ગ્રાહકો છુટા રૂપિયા આપીને જરૂરીયાત પુરતી ખરીદી કરી જાય છે. મધ્યમ વર્ગને છુટા રૂપિયાની મુસીબતને પગલે હેરાનગતિ થશે પરંતુ સરકારના આ નિર્ણયથી અર્થતંત્રને ખુબ જ ફાયદો થશે.''

**- મોહક જાટકીયા, સે. ૨૧ અરીહંત**



''ગત સાંજથી રૂ. ૫૦૦ની ૧૦૦૦ની નોટ બંધ થતા નાગરીકો દવાના બહાને છુટા રૂપિયા લેવા પડાપડી કરી હતી. મોડીરાત સુધી દવાનો સ્ટોર ચાલુ રાખીને તમામને દવા લેનારને રૂપિયા પરત આપ્યા હતા. પરંતુ સવારે છુટાની અછત સર્જાતા રૂ. ૫૦૦ની ચલણી નોટ લેવાનુ બંધ કર્યુ હતુ. અને દર્દીઓને ઉધારમાં દવા આપી હતી. પરંતુ ભારત સરકારનો આ નિર્ણય ખુબ લાભદાયક નીવડશે. દરરોજ કરતા દવાનું વેચાણ છુટાને પગલે ઓછુ થવા પામ્યું છે.''

**- કમલ ચૌધરી, અર્બુદા મેડીકલ, સે. ૧૨, સિવિલ કેમ્પસ**



''આજે સવારથી જ હોટલ બહાર જ રૂ. ૫૦૦ની ૧૦૦૦ની નોટ લેવામાં નહી આવે. તેમ જણાવવામાં આવ્યું હતું. મોટા ભાગના ગ્રાહકો છુટા રૂપિયા આપીને જતા હતા. જ્યારે કોઈક ગ્રાહક જોડે ના હોય તો ના છુટકે વ્યવસ્થા કરીને અમે રૂપિયા પરત આપતા હતા. જ્યારે રોજ બરોજ આવતા ગ્રાહકોને પછી આપવા જણાવ્યુ હતુ. પરંતુ છુટા રૂપિયાની ભારે અરાજકતાને પગલે ધંધા પર અસર થવા પામી છે. રોજ કરતા વેપારમાં ૪૦ ટકા ઘટ જણાઈ છે.''

**- ગીરીશભાઈ પટેલ, આદર્શ ભોજનાલય, સે. ૧૬**



''વહેલી સવારથી દૂધ લેવા આવતા ગ્રાહકો ૫૦૦ની નોટ લઈને આવ્યા હતા, ઘણાને તો આ નોટ બંધ થયાની પણ જાણ નહોતી, અમે કીધુ તો માનવા તૈયાર નહોતા. જે ગ્રાહકો ૫૦૦ની નોટ લઈને આવ્યાં તા તેમને દૂધ વગર જ પાછા જવુ પડ્યુ હતુ. દિવસ દરમ્યાન છુટ્ટાની તકલીફના કારણે આજે ખૂબ ઓછો વેપાર થયો હતો.''

**- કૌશિક પ્રજાપતિ, કર્મચારી, મધુર દૂધ વિતરણ કેન્દ્ર, વાવોલ**




''સરકારનો નિર્ણય ખૂબ જ સાહસિક અને આવકારદાયક છે. જો કે આ નિર્ણયના પગલે હાલ રોજીંદા ધંધામાં તકલીફ પડી રહી છે. ગ્રાહક પહેલા ૫૦૦, ૧૦૦૦ની નોટ જ કાઢે છે. પરંતુ વિનંતી કરીએ પછી છુટા પૈસા આપે છે. છુટ્ટાની તકલીફના લીધે આજે ઘરાકી ખૂબ ઓછી રહી છે. પરંતુ દેશના ભલા માટે આટલી તકલીફ તો ઉઠાવવી જ પડે ને ?''

**- રાજુભાઈ મકવાણા, મહાકાળી બટાકાપૌઆ, સે. ૧૬**



''અમે દિવાળીની સીઝનમાં માલ માટે ઓર્ડર આપ્યા હતા તેનું વેપારીઓને પેમેન્ટ દેવ દિવાળી પહેલા કરી દેવાનું હોય છે. દિવાળીની સીઝનમાં ૫૦૦-૧૦૦૦ની નોટો સ્વીકારી ધંધો કર્યો હતો જેના વકરામાંથી વેપારીઓને

● અનુસંધાન પાન-૭ પર


